/5

ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા બાંધકામ માટે રૂ.૧૯૬.૫૬ લાખની જોગવાઇ ઘટાડીને રૂ.૧.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૦/૩૭૪૬૨/ન.બા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૨૭/૦૭/૨૦૨૦

## વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૭/૦૧/૨૦૨૦ના પત્ર ક્રમાંક: બજેટ/નવી બાબત/૧૯-૨૦/૦૮

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૩/૦૪/૨૦૨૦ના પત્ર ક્રમાંક: સસુખા/બકમ/૧૯-૨૦/૧૪

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૨૯/૦૬/૨૦૨૦ના પત્ર ક્રમાંક: સસુખા/યજન/બકમ/૨૦૨૦-૨૧/૩૩

## પ્રસ્તાવના:-

નિયામક, સમાજ સુરક્ષાની કચેરી, સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટની સંસ્થા કાર્યરત છે. ઉક્ત સંસ્થાનું મકાન ખૂબ જ જૂનું અને જર્જરિત થઇ ગયેલ હોઇ આ જગ્યા ઉપર નવું સંપૂર્ણ સુવિધાસભર અત્યાધુનિક મકાન બનાવવા માટે બાંધકામની જરૂરિયાત ઉભી થયેલ છે.

હાલના સંસ્થાના જૂના મકાનની જગ્યા પર નવું સંપૂર્ણ સુવિધાસભર અત્યાધુનિક મકાન બનાવવા માટે કુલ રૂ. ૬૫૪.૬૬ લાખના ખર્ચ અન્વયે નાણાં વિભાગના ઠરાવના આધારે પ્રથમ વર્ષે કુલ રકમના ૩૩% પ્રમાણે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૨૧૬.૦૦/- લાખની જોગવાઇ કરવા નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા. ૧૭/૦૧/૨૦૧૯ના પત્રથી નવી બાબત ૨૦૨૦-૨૧ રજુ કરેલ હતી.

સદરહુ નવી બાબત ૨૦૨૦-૨૧ અન્વયે અંદાજપત્રમાં જોગવાઇ થતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૩) પરના તા.૨૯/૦૬/૨૦૨૦ના પત્રથી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા બાંધકામ માટે આ યોજનામાં સુચવ્યા મુજબ રૂ.૧૯૬.૫૬ લાખની જોગવાઇ ઘટાડીને રૂ.૧.૦૦ લાખનો ખર્ચ કરવાની વહિવટી મંજુરી આપવા બાબતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૩) પરની તા.૨૯/૦૬/૨૦૨૦ની દરખાસ્તના અનુંસધાને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, રાજકોટના નવા બાંધકામ માટે કુલ ખર્ચની જોગવાઇમાંથી સુચવ્યા મુજબનો રૂ.૧૯૬.૫૬ લાખની જોગવાઇ ઘટાડીને રૂ.૧.૦૦ લાખનો ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને અધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો -

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની માર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૪) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૫) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૭૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાની રહેશે.

(૭) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવર્ટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૮) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૯) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૦) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. વધત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) ઉક્ત નવી બાબતની વહિવટી મંજુરી અન્વયે નાણા વિભાગના કરકસર અંગેના ૦૬/૦૬/૨૦૨૨૦ના ઠરાવ ક્ર.ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ સુચનાઓ અનુસાર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૫) આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ પાડવાનો રહેશે.
માંગણી નંબર-૮૪, સેકટર-ખ સામાજિક સમુહ સેવાઓના મુડી હિસાબ
પેટા સેકટર-છ સમાજ કલ્યાણ અને પોષણ મુખ્ય સદર - ૪૨૩૫ સામાજિક
અને કલ્યાણ અંગે મુડી ખર્ચ. મુખ્ય પેટા સદર- ૨૦૧- પુનઃસ્થાપન, ગૌણ સદર
- ૪૨- મકાનો, પેટા સદર મકાન (માર્ગ અને મકાન)૫૩૦૦ મોટા કામ

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૧/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. બી. વણઝારા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી નં-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ
- છ-૨ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ